# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-12-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં હવા પ્રદૂષણથી ભવિષ્યમાં થનારી ગંભીર અસરોને ધ્યાનમાં લઈને અત્યારથી જ એલર્ટ થવા તાકીદ કરી
2. ગુજરાત વહીવટી સુધારણા પંચનો છઠ્ઠો અહેવાલ મુખ્યમંત્રીને સોંપાયો
3. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં SIR અંગે માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઇ
4. વડોદરાના ફોફળીયા ગામે રાષ્ટ્રીય એકતા પદયાત્રામાં રાજ્યપાલે જણાવ્યું કે જે સમાજ પોતાના પૂર્વજોના ઇતિહાસને યાદ રાખે છે તે હંમેશા જીવંત રહે છે.
5. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી અઠવાડિયે વધુ ઠંડી પડવાની શક્યતા

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM - CABINET

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં પત્રકારોને માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ, રાજ્યમાં હવા પ્રદૂષણથી ભવિષ્યમાં થનારી ગંભીર અસરોને ધ્યાનમાં લઈને અત્યારથી જ એલર્ટ થવા તાકીદ કરી હતી, તેમજ પ્રદૂષણને અટકાવવા માટે રાજ્ય સરકારના દરેક વિભાગને સાથે રાખીને વિસ્તૃત એક્શન પ્લાન તૈયાર કરવા માટે ઉચ્ચ અધિકારીઓને મુખ્યમંત્રીએ સૂચનાઓ આપી છે.

(બાઇટ- જીતુ વાઘાણી, હવા પ્રદૂષણ)

તેમણે વધુમાં જણાવ્યું હતું રાજ્યની તમામ સરકારી શાળાઓમાં શૌચાલયની મરામત અને સાફ-સફાઈ હાથ ધરવા માટે મુખ્યમંત્રીએ આદેશ કર્યો છે.

શ્રી વાઘાણીએ રાજ્યના તમામ નદી-નાળાઓમાં થતી ગંદકીના કારણો અને તેના ઉપાયો શોધીને વહેલામાં વહેલી તકે નદી-નાળાઓમાં થતી ગંદકીને અટકાવવા માટે જરૂરી પગલા લેવા માટે દિશાનિર્દેશ કર્યા છે.

-------------

# GARC REPORT

ગુજરાત વહીવટી સુધારણા પંચ GARC નો છઠ્ઠો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આજે સોંપવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિમાં જરૂરી ફેરફારો માટે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં આ પંચની રચના કરવામાં આવી હતી. આ અહેવાલોની ભલામણો અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ-અજય ઇન્દ્રેકર)

*(ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાનોને યોગ્ય તકો તથા રોજગાર અવસરો આપીને અસિમ શક્તિને ગુજરાતના નિર્માણમાં જોડવાની નવ જેટલી ભલામણ કરવામાં આવી છે. જેમાં ભરતી પ્રક્રિયા પૂરી કરવા માટે નિશ્ચિત સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. સમાન શૈક્ષણિક લાયકાત ધરાવતી વિવિધ કેડરો માટે સંયુક્ત પ્રિલિમ્સ અને મુખ્ય પરીક્ષા યોજવી. દર બે વર્ષે રિક્વિઝિશન વિન્ડો નક્કી કરીને ભરતી, પરીક્ષા તેમજ તાલીમના નિયમો માટે કેન્દ્રીય સેલ બનાવવું. હાલ થતી મેન્યુઅલ ચકાસણીને બદલે સંપૂર્ણપણે ડિજિટલ દસ્તાવેજ ચકાસણી કરવી. અરજીથી લઇને નિમણૂંક સુધીની પ્રક્રિયા માટે ડિજિટલ માધ્યમથી કરવી. ઉમેદવારોને એક જ દસ્તાવેજો વારંવાર જુદી જુદી ભરતીઓમાં રજૂ કરવાની જરૂરિયાત ન રહે તેવી વ્યવસ્થા કરવી. ભરતી એજન્સીઓની ક્ષમતાઓમાં વધારો અને પુનઃગઠન, કમ્પ્યુટર આધારિત પરીક્ષાઓનો વ્યાપક ઉપયોગ તેમજ 10 વર્ષનું ભરતી કેલેન્ડર તૈયાર કરવાની ભલામણ કરી છે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.. )*

---

# CEO GUJARAT

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ અંગે આજે માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઇ. જેમાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ ભાજપ, કોંગ્રેસ, આપ  અને બહુજન સમાજ પાર્ટીના પ્રતિનિધિઓને SIR ની કાર્યપ્રગતિથી માહિતગાર કર્યા હતા.

આ બેઠકમાં શ્રી શુક્લાએ જણાવ્યું હતું કે હાલમાં 82.85 ટકાથી વધુ ગણતરી ફોર્મ્સનું ડિજીટાઇઝેશન પૂર્ણ થયું છે. રાજ્યભરના BLO ચૂંટણીપંચના સૈનિકોની જેમ કાર્ય કરી રહ્યાં છે. નાગરિકોની સવલત માટે માન્ય રાજકીય પક્ષોના 50 હજારથી વધુ BLA પણ આ કાર્યમાં જોડાયા છે. મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં BLO ની મદદ માટે 30 હજારથી વધુ સ્વયંસેવકોની નિયુક્તિ કરાઇ છે. આગામી તબક્કાઓમાં BLO અને BLA ની ભૂમિકા મહત્વની હોવાથી રાજકીય પક્ષો વધુમાં વધુ BLA ની નિયુક્તિ કરે તેવો મુખ્ય ચૂંટણી અધિકારીએ અનુરોધ કર્યો હતો.

-------------

# BOTAD  BLO SANMAN

રાજ્યમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ SIR અંતર્ગત કાર્યવાહી પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે બોટાદ જીલ્લાના રાણપુર તાલુકામાં મતદાર યાદી સુધારણા અંતર્ગત ઝડપથી 100 ટકા કામગીરી પૂર્ણ કરનાર 20 જેટલા BLOનું સન્માન કરવામાં આવ્યું. સમય મર્યાદામાં 100 ટકા કામગીરી પૂર્ણ કરનાર BLOનું મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી,

તાલુકા શિક્ષણ અધિકારી અને તાલુકા કેળવણી નિરીક્ષકના હસ્તે સન્માનપત્ર એનાયત કરાયા.

-------------

# SIR KUTCH

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. ઝૂંબેશ હેઠળ ગણતરીપત્રકોનું ડિજિટાઈઝેશનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે કચ્છમાં અત્યાર સુધી 83 ટકાથી વધુ મતદારોની વિગતો ડિજિટાઈઝ્ડ કરવામાં આવી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક બાહરટે જણાવ્યું, વર્ષ 2002ની મતદાર યાદીને આધાર બનાવી સમગ્ર મતદાર યાદી અપડેટ કરવામાં આવી રહી છે.

ભૂજના વેપાર ઉદ્યોગના અગ્રણી કમલ ગઢવીએ કહ્યું કે મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં તમામ લોકોએ સક્રિય રીતે ભાગ લેવો જોઇએ અને તાત્કાલિક ફોર્મ ભરવા જોઇએ.

(બાઇટ- કમલ ગઢવી, વેપાર ઉદ્યોગ અગ્રણી)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SANCHAR SAATHI APP

સંચાર સાથી ઍપની વધતી સ્વીકૃતિને જોતા સરકારે મૉબાઈલ ફોન નિર્માતા કંપનીઓ માટે આ ઍપને પહેલા જ ઈન્સ્ટૉલ કરવાનું ફરજિયાત ન બનાવવાનો નિર્ણય કર્યો છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે, નાગરિકો કોઈ પણ સમયે આ ઍપને હટાવી શકે છે અને આ ઍપના ઉપયોગકર્તાઓની સલામતી રાખવા સિવાય તેનું બીજું કોઈ કામ નથી.

સંચાર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, અત્યાર સુધીમાં 14 મિલિયન ઉપયોગકર્તાઓએ ઍપ ડાઉનલોડ કરી છે અને દરરોજ બે હજાર છેતરપિંડીની ઘટના નોંધાઈ રહી છે. મંત્રાલયે જણાવ્યું, ઍપ સલામત છે અને તેનો હેતુ લોકોને સાયબર ગુનાથી બચાવવાનો છે.

-------------

# JAMNAGAR LISTNER

“આંતર-રાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ”ની આજે ઉજવણી થઈ રહી છે. સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે દિવ્યાંગોને મુખ્યધારામાં આગળ લાવી તેમને

સમજવા અને તેમના પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના હેતુથી આ દિવસ ઉજવાઈ રહ્યો છે. ત્યારે જામનગરનાં પ્રજ્ઞાચક્ષુ શ્રોતા ધર્મેન્દ્રસિંહ રાઠોડે આકાશવાણી સાથેની વાતચીતમાં દિવ્યાંગોની સંઘર્ષમય જીવન અંગે શું કહ્યું સાંભળીએ..

**(BYTE: DHARMENDRASINH RATHOD, LISTNER)**

-------------

# GOVERNOR- SARDAR@150

સરદાર @150 રાષ્ટ્રીય એકતા પદયાત્રા વડોદરા જિલ્લામાં તેના અંતિમ ચરણમાં મોટા ફોફળીયા ગામે પહોંચતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે જે સમાજ પોતાના પૂર્વજોના ઇતિહાસને યાદ રાખે છે તે હંમેશા જીવંત રહે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે ભારત આઝાદ થયું ત્યારે 562 રજવાડાઓમાં વહેંચાયેલું હતું. સરદારે પોતાની મજબૂત ઇચ્છા શક્તિ અને વીરતાના પરિચયથી તમામ રાજા-રજવાડાઓને રાષ્ટ્રીય એકતા સૂત્રમાં બાંધ્યા હતા.

(બાઇટ- રાજ્યપાલ, ગુજરાત)

આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે આ યાત્રા આવનારી પેઢી માટે ખૂબ મોટો સંદેશો છે.

શિનોર તાલુકાના બિથલી ખાતે સરદાર@૧૫૦ રાષ્ટ્રીય પદયાત્રામાં કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને બિરદાવતા કહ્યું હતું કે અખંડ ભારતની કલ્પના જેમણે સાકાર કરી તેનો જશ જો કોઈ એકમાત્ર વ્યક્તિને આપવો પડે તો તે સરદાર વલ્લભભાઈ પટેલને આપવો પડે.

-------------

# IMP ANNOUNCEMENT

# એક અગત્યની જાહેરાત

**સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે દિવ્યાંગોને મુખ્ય ધારામાં આગળ ધપાવી તેમને સમજવા અને તેમના પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના હેતુથી આજે "આંતર-રાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ" ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે સવા નવ વાગ્યે "આંતર-રાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ" અંગે વિશેષ કાર્યક્રમ રજૂ કરાશે. તો, સાંભળવાનું ચૂકશો નહીં.**

**રાત્રે સવા નવ વાગ્યે, આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી કાર્યક્રમનું પ્રસારણ કરાશે.**

. . . . . . . . . . . . . .

# WEATHER -A K DAS

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સપ્તાહમાં વધુ ઠંડી પડવાની શક્યતા છે. જોકે બે દિવસ રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે. રાજ્યમાં 7 દિવસ સુધી લઘૂતમ તાપમાનમાં 1થી 2 ડિગ્રીની વધઘટ રહેશે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસે વધુ માહિતી આપી.

(BYTE ;- A K DAS હવામાન વિભાગ )

-------------

# HARIBHAI PATEL- AMERIKAN SANSAD

મહેસાણાના સાંસદ હરિભાઇ પટેલે ગુજરાતમાં અમેરિકન વીઝા એપ્લીકેશન સેન્ટર ખોલવાની માંગણી લોકસભામાં કરી છે.

શ્રી પટેલે લોકસભામાં રજૂઆત કરી હતી કે વર્તમાન સમયમાં અમેરિકાના વીઝા મેળવવા માટે રાજ્યના લોકોને અન્ય રાજ્યમાં જવાની ફરજ પડે છે, જેથી લોકોનો સમય અને નાણાનો વ્યય થઇ રહ્યો છે.

(બાઇટ- હરિભાઇ પટેલ, સાંસદ, મહેસાણા)

-------------

# MAHISAGAR -BETHKO

મહિસાગર જિલ્લાના કુલ 8 તાલુકા પંચાયતોમાંથી બાલાસિનોર, વીરપુર, ખાનપુર, તેમજ કડાણા તાલુકા પંચાયતની બેઠકોની જાહેરાત કરાઇ છે. ખાનપુર તાલુકાની 16 બેઠકોમાં OBC 4, અનુસૂચિત જાતિ 1, અનુસૂચિત જનજાતિ 2, તેમજ સામાન્ય 9 બેઠકો જાહેર કરાઇ.

બાલાસિનોરની 18 બેઠકોમાં અનુસૂચિત જાતિ - જન જાતિ -1-1, obc- 5 અને સમાન્ય 11 બેઠકો અને વીરપુરની 18 બેઠકોમાં અનુસૂચિત જાતિ, જન જાતિ 1-1, obc 5, તેમજ સમાન્ય 11 બેઠકો, કડાણાની 20 બેઠકોમાં અનુસૂચિત જાતિ 1, જન જાતિ 16, obc 2, તેમજ સમાન્ય 1 બેઠક જાહેર કરાઇ છે.

-------------

# EDUCATION MINISTER

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજાએ કહ્યું છે કે વિદ્યાર્થીઓને ટેક્નિકલ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ યોગ્ય રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. ટેક્નિકલ એજ્યુકેશન નિયામક દ્વારા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ માટે અમદાવાદમાં યોજાયેલા વિશેષ પ્લેસમેન્ટ ડ્રાઇવમાં આ મુજબ તેમણે જણાવ્યું હતું. આ ડ્રાઇવમાં સરકારી કોલેજના 225 ડિગ્રી એન્જિનિયરીંગ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

-------------

# WINTER BLISS

ગુજરાતની ગ્રામ્ય મહિલાઓ દ્વારા બનાવાયેલ પરંપરાગત શિયાળાના પૌષ્ટિક ઉત્પાદનોનું પ્રીમિયમ હેમ્પર કલેક્શન “Winter Bliss” પ્રીમિયમ શિયાળુ પૌષ્ટિક હેમ્પર કેટલોગનું આજે ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયાએ વિમોચન કર્યું હતું.

આ પહેલના માધ્યમથી સ્વસહાય જૂથની બહેનોની આવકમાં વધારો, તેમના ઉત્પાદનોને બજારમાં સીધી પહોંચ અને ઉદ્યોગ સાહસિકતાનું મજબૂત પ્લેટફોર્મ મળે છે. આ હેમ્પરમાં 14 પૌષ્ટિક વસ્તુઓને સ્વચ્છતા, શુદ્ધતા અને આધુનિક પેકેજિંગ સાથે રજૂ કરવામાં આવી છે. જેમાં 24 જિલ્લાના કુલ 40 સખી મંડળો આ ઉત્પાદનોના ઉત્પાદન અને પેકેજિંગમાં સક્રિય છે.

-------------